पुना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VI

# Gujarati

# Specimen copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 3 | સાચી હજ | **3** |
| 4 | લાખો વણજારો | **6** |

# પાઠ – 3 સાચી હજ



## ➢ અઘરા શબ્દો

| | | | |
|---|---|---|---|
| 1) | તીવ્ર | 2) | મક્કા |
| 3) | કબૂલ | 4) | આશ્ચર્ય |
| 5) | મૂંઝવણ | 6) | ઝળઝળિયાં |

## ➢ શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | તીવ્ર | = | ભારે |
| 2) | મક્કા | = | અરબસ્તાનનું એક નગર , મહંમદ પયગંબરનું જન્મ સ્થાન. |
| 3) | કબૂલ | = | સ્વીકારવું |
| 4) | આશ્ચર્ય | = | નવાઈ |
| 5) | મૂંઝવણ | = | ચિંતા |
| 6) | ઝળઝળિયાં | = | આંખનાં આંસુ |

## સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા ક્યારે થઈ?

જ) જ્યારે બધા હજ કરવા માટે જતાં ત્યારે શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા થતી.

2) શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?

જ) શેખ અબ્દુલ્લાં હજ કરવા તેમની ગરીબીના કારણે ના જઈ શક્યા.

3) અલી હુસેનના પાડોશનાં બાળકો શા માટે રોકકળ કરતાં હતા?

જ) અલી હુસેનના પાડોશનાં બાળકોને કેટલાય દિવસથી ખાવાનુ મળ્યું નહતું તેથી તેઓ રોકકળ કરતાં હતા.

4) ખુદાના દરબારમા અલી હુસેનની હજ કેમ મંજૂર થઈ?

જ) અલી હુસેને તેની પડોશનાં બાળકોને જમવાનું આપ્યું હતું અને તેમને રોક્કળ કરતા બંધ કર્યા હતા તેથી ખુદાના દરબારમા અલી હુસેનની હજ મંજૂર થઈ.

5) અલી હુસેને શા માટે પૈસા ભેગા કર્યા હતાં? તે પૈસાનુ તેણે શું કર્યું?

જ) અલી હુસેને હજ કરવા માટે જે પૈસા ભેગા કર્યા હતા તે પૈસા તેના પડોશના બાળકોની ભુખ મટાડવા માટે વાપરી દીધા.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-4 નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પરિવાર | = | કુટુંબ | 2) | અચાનક | = | એકાએક |
| 3) | આશ્ચર્ય | = | નવાઈ | 4) | તકલીફ | = | મુશ્કેલી |
| **5)** | ફરીશ્તો | = | દેવદુત | **6)** | આંખ | = | નયન |

## પ્ર-5 નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગરીબ | X | અમીર | 2) | શાંતિ | X | અશાંતિ |
| 3) | પુણ્ય | X | પાપ | 4) | બેભાન | X | સભાન |
| 5) | બીમાર | X | તંદુરસ્ત | 6) | મંજૂર | X | નામંજુર |

## પ્ર-6 નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.

1) મન મારી બેસી રહેવું = મનની ઈચ્છાને દબાવી રાખવી.

વાક્ય - લકી ને આઈસક્રીમ ખાવી હતી પણ તે મન મારી બેસી રહ્યો.

2) રસ્તો ન દેખાવો = કોઈ ઉકેલ ન મળવો.

વાક્ય - મને આ મુસીબતમાંથી નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નથી.

3) આંખમાં ઝળઝળિયાં આવવાં= આંખમાં આંસુ આવવા.

વાક્ય - મા ને જોઈને દિકરીનીની આંખમાં ઝળઝળિયાં આવ્યા.

## પ્ર-7 નીચેનાં વાકયોને ત્રણેય કાળમાં લખો.

1) મનુ મમરા ખાય છે.

વર્તમાનકાળ = મનુ મમરા ખાય છે.

ભૂતકાળ = મનુ મમરા ખાતો હતો.

ભવિષ્યકાળ = મનુ મમરા ખાશે.

2) વરસાદ આવે છે.

વર્તમાનકાળ = વરસાદ આવે છે.

ભૂતકાળ = વરસાદ આવતો હતો.

ભવિષ્યકાળ = વરસાદ આવશે.

3) હું ચીકુ ખાઉં છું.

વર્તમાનકાળ = હું ચીકુ ખાઉં છું.

ભૂતકાળ = હું ચીકુ ખાતી હતી.

ભવિષ્યકાળ = હું ચીકુ ખાઈશ.

## પ્ર- 9 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

**1)** પુણ્ય , યાદ , વાતચીત , શ્વાસ , શાંતિ

જ) પુણ્ય , યાદ , વાતચીત , શાંતિ , શ્વાસ

- પ્રવૃત્તિ

## ચિત્રો જોઈને દરેક વિશે બે-બે વાક્યો લખો.



# પાઠ – 4 લાખો વણજારો




## ➢ અઘરા શબ્દો

| | | | |
|---|---|---|---|
| 1) | વણજારો | 2) | સાનમાં |
| 3) | ડચકારીને | 4) | પગેરું |

## ➢ શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | વણજારો | = | એક જ્ઞાતિ |
| 2) | સાનમાં | = | થાપણ મુકવું |
| 3) | ડચકારીને | = | મોઢાથી પંપાળવું |
| 4) | ખાતર પડ્યું | = | ચોરી થઈ |
| 5) | પગેરું | = | પગનું નિશાન |

## સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

**પ્ર-1 નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

1) લાખો વાણિયા પાસે શા માટે ગયો?

જ) લાખો વાણિયા પાસે પૈસા ઉધાર લેવા માટે ગયો.

2) લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં શા માટે મૂક્યો?

જ) લાખાએ વાણિયાની પાસેથી પૈસા લીધા હતા અને તેની બદલામાં કંઈક ઉધાર મૂકવું પડે તેથી લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં ઉધાર મૂક્યો.

3) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા શું કર્યું?

જ) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા માટે વાણિયાનું ધોતિયું ખેંચ્યું.

4) શેઠે ડાઘિયાની કોટે શું બાંધ્યું?

જ) શેઠે ડાઘિયાની કોટે એક ચિઠ્ઠી બાંધી જેમાં લખ્યું હતું કે “લાખાને જે પૈસા ધિર્યા હતા તેનાથી અનેક ગણું ડાઘિયાએ બચાવી આપ્યું છે તે વાત લખેલી હતી.

5) ડાઘિયો ઘડીભર કેમ થંભી ગયો?

જ) લાખાએ ડાઘિયાની સામે અનાદર બતાવ્યો તેથી ડાઘિયો ઘડીભર થંભી ગયો.

6) ડાઘાસર ક્યાં આવેલું છે?

જ) ડાઘાસર ઉતર ગુજરાતના રાધનપુર પાસે આવેલું છે.

## પ્ર-2 નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.

1) ખોવાયેલું ધન કોણે પાછું અપાવ્યું ? શી રીતે?

જ) ખોવાયેલું ધન ડાઘિયાએ પાછું અપાવ્યું. ડાઘિયો શેઠને ધોતિયું પકડીને લઈ ગયો અને ચોરે જ્યાં ધનછુપાવ્યું હતું ત્યાં જઈને જમીન ખોતરવા લાગ્યો અને ત્યાંથી શેઠનો બધો  ચોરાયેલો માલ પાછો અપાવ્યો.

2) ડાઘિયો શા માટે માથુ પછાડીને મરી ગયો?

જ) લાખાએ ડાઘિયાને જોતા જ લાખાની આંખ ફરી ગઈ. અરે, રામ! આ કૂતરાએ મારી શાખ ઉપર પાણીફેરવ્યું છે.એમ વિચાર્યું અને મો ફેરવી લીધુ.ડાઘિયાને આ સહન ન થયું અને તે પથ્થર ઉપર માથું પછાડીને મરી ગયો.,

- <u>વ્યાકરણ</u>

## પ્ર-4 નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | માસ | = | મહિનો | 2) | હરખ | = | આનંદ |
| 3) | પ્રિય | = | વહાલું | 4) | આબરૂ | = | ઈજ્જત |
| 5) | ભાગવું | = | દોડવું | 6) | વિશાળ | = | ખૂબજ મોટું |

## પ્ર-5 નીચેના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ધ્યાન | X | બેધ્યાન | 2) | વિદાય | X | સ્વાગત |
| 3) | વિશ્વાસું | X | અવિશ્વાસું | 4) | પાસે | X | નજીક |

## પ્ર-6 નીચેના રૂઢિપ્રયોગનાં અર્થ આપો.

1) આંખવાળી લેવી = દુ:ખી હૃદયે વિદાય લેવી.
વાક્ય = ડાઘિયાએ આંખ વાળી લીધી.

2) ખાતર પડવું = ચોરી થવી.
વાક્ય = સોનીનાં ઘરે ખાતર પડ્યું.

3) દૂધે ધોયેલું = વિશ્વાસપાત્ર
વાક્ય = આ વ્યક્તિના પૈસા દૂધે ધોયેલ છે.

4) પાણી ફેરવવું = આબરું કાઢવી
વાક્ય = છોકરાએ પિતાની ઉપર પાણી ફેરવ્યું.

## પ્ર- 9 નીચેનાં શબ્દો શબ્દકોશના ક્રમમાં લખો.

પીઠ, ખાતર, કૂતરો, ઈશારો, જીવ
ઈશારો, કૂતરો, ખાતર, જીવ, પીઠ

- પ્રવૃત્તિ

ચિત્ર દોરો અને રંગ ભરો અને તેનાં વિશે પાંચ વાક્ય લખો.

